ISSN: 2319-202X

# ડે સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની શૈક્ષણિક સમસ્યાઓ

**ડૉ. સોનલ પી. પટેલ**
અધ્યાપિકા, હિન્દી બી.એડ્. વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
M. 7802070574 Email:- sonalpatel2009@rediffmail.com

21મી સદીને જ્ઞાનની સદી તરીકે ધ્યાનમાં લેવામાં આવે છે તેથી આજના સમાજનું (વિશ્વનું) સૌથી અગત્યનું પરિબળ જે અન્ય તમામ પરિબળો પર અસર પહોંચાડે છે તે છે શિક્ષણ. પ્રાચીન સમયની સરખામણીમાં આજનો માનવી શિક્ષણ પ્રત્યે વધુ જાગૃત અને સજાક બન્યો છે. વિશ્વના નાનામાં નાના ગામડાંથી માંડી મેટ્રોસીટીના માતા-પિતા પણ પોતાના બાળકને અસરકારક શિક્ષણ મળે તેવી ખેવના રાખે છે. પોતાનું બાળક આ સ્પર્ધાની ભીડમાં ખોવાઈ ન જાય તેથી પડકારજનકકારકીર્દી પસંદ કરતા હોય છે. દરેક વાલી પોતાનું બાળક સારામાં સારી શાળામાં અભ્યાસ કરે તે માટેના સ્વપ્ન જુએ છે. છેલ્લા ઘણા સમયથી સમાજની જરૂરિયાત પ્રમાણે શિક્ષણ વ્યવસ્થાપન અને પદ્ધતિઓમાં બદલાવ આવ્યો છે. સરકારી શાળાઓનું પ્રમાણ ઓછું થયું છે અને પ્રાઈવેટશાળાઓ શરૂ થવા લાગી છે. આવી પ્રાઈવેટશાળાઓમાં સામાન્ય ક્લાસરૂમની જગ્યાએ ડીઝીટલક્લાસરૂમમાં વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે. છેલ્લા ઘણા સમયથી ખાસ કરીને શહેરી વિસ્તારોમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આખા દિવસની થઈ ગઈ છે. 11 થી 5ના સમયને બદલે સવારથી સાંજ સુધી વિદ્યાર્થીઓને સઘન અભ્યાસ કરાવવામાં આવે છે જે શાળાને 'ડે સ્કૂલ' તરીકે ઓળખવામાં આવે છે.

'ડે સ્કૂલ' માં આખા દિવસનું શિક્ષણકાર્ય ચાલતું હોય છે પરંતુ દરેક નવીનતા પોતાની સાથે ઓછવત્તા અંશે મર્યાદાઓ લઈને જ આવે છે. આખા દિવસની શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને શિક્ષણમાં થોડીક અગવડતાનો સામનો કરવો પડે છે. આથી શિક્ષણમાં વિવિધ સમસ્યાઓ ઉદ્ભવે છે.

**સંશોધનનો મૂલાધાર**

પ્રસ્તુત સંશોધન એક સર્વેક્ષણ છે. અહીં વિવિધ કક્ષાએ થયેલ સંશોધનોનેમૂલાધારમાંસમાવવામાં આવેલ છે.

ચોક્સી (2015) Influence of emotional intelligence on the academic performance of the students of standard $8^{th}$& $9^{th}$ of Surat city with their parental support.પલાશ(2003) દાહોદ જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિનાવિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ વિષય પર સંશોધન હાથ ધર્યું હતું.મણાત(2009) મેઘરજતાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-8માં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ પર સંશોધન હાથ

ધર્યુંહતુ.બારોટ(2009) માધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ પર ગુજરાત યુનિવર્સિટીમાંએમ.એડ્. કક્ષાએ સંશોધન હાથ ધર્યું હતું.

ઉપર્યુક્ત સંશોધનો માધ્યમિક શાળા તથા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ પૂરતા મર્યાદિત હતાં જ્યારે પ્રસ્તુત અભ્યાસ સાંપ્રત સમયને અનુરૂપ વિજ્ઞાન પ્રવાહની ડે સ્કૂલને અનુલક્ષીને હાથ ધરવામાં આવ્યા હતા. ધોરણ-8ના છોકરાઓને શૈક્ષણિક સમસ્યાઓ નડતી હતી. વિદ્યાર્થીઓનીલાગણીઓને કેટલાક શિક્ષકો સમજતા નથી. જાતિ એ અસરકારક ચલ તરીકે લેવામાં આવેલ હતો. જ્યારે અહીં ધોરણ-11 અને ધોરણ-12ના વિદ્યાર્થીઓની જાતિ અને ધોરણનાસંદર્ભે તુલના અભ્યાસ કરવામાં આવેલ છે.

**સંશોધનના હેતુ**

1. ડે સ્કૂલના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
2. ડે સ્કૂલના શિક્ષકોની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
3. ડે સ્કૂલના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનોજાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
4. ડે સ્કૂલના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનોધોરણના સંદર્ભમાં અભ્યાસ કરવો.
5. ડે સ્કૂલના શિક્ષકોની શૈક્ષણિક સમસ્યાઓનોજાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**

1. છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સમસ્યા પ્રશ્નાવલિ પર પ્રાપ્ત સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
2. ધોરણ-11 અને ધોરણ-12ની છોકરાઓની શૈક્ષણિક સમસ્યા પ્રશ્નાવલિ પર પ્રાપ્ત સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
3. ધોરણ-11 અને ધોરણ-12ની છોકરીઓની શૈક્ષણિક સમસ્યા પ્રશ્નાવલિ પર પ્રાપ્ત સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
4. શિક્ષકો અને શિક્ષિકાઓની શૈક્ષણિક સમસ્યા પ્રશ્નાવલિ પર પ્રાપ્ત સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વમાં બનાસકાંઠા જિલ્લાની વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચતર માધ્યમિક ડે સ્કૂલની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને અભ્યાસ કરાવતાશિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાંસંશોધકે વિદ્યાર્થીઓના નિદર્શ માટે યાદચ્છિક પદ્ધતિ દ્વારા બનાસકાંઠા જિલ્લાની પાંચ ડે સ્કૂલો (વિજ્ઞાનપ્રવાહ)ના 258 વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કર્યા હતાં. જ્યારે શિક્ષકોના નિદર્શ માટે સહેતુક નમૂના પદ્ધતિ દ્વારા બનાસકાંઠા જિલ્લાની સાત ડે સ્કૂલના 85 શિક્ષકો નમૂના તરીકે પસંદ કર્યા હતાં.

**ઉપરકરણની પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં સ્વ-રચિત પ્રશ્નાવલિનો ઉપકરણ તરીકે ઉપયોગ કરાયો છે. ડે સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની શૈક્ષણિ સમસ્યાઓ જાણવા માટે સૌ પ્રથમ ડે સ્કૂલ વિશે પ્રાપ્ત માહિતી, પુસ્તિકા અને ઇન્ટરનેટ પરથી મેળવવામાં આવી હતી. ત્યારબાદ ડે સ્કૂલના શિક્ષકો અને વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ તેમની સમસ્યાઓ જાણવાનો પ્રયાસ કર્યો હતો. ડે સ્કૂલ વિદ્યાર્થીઓને એક મુક્ત જવાબી પ્રશ્નાવલિ આપી તેમને પડતી મુશ્કેલીઓજાણવાનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની પ્રશ્નાવલિમાં અભ્યાસક્રમ, વિષયો, પદ્ધતિઓ, પાઠ્યપુસ્તકો, પરીક્ષા, સ્વાધ્યાય, માર્ગદર્શન, ટેસ્ટ, પ્રાયોગિક કાર્ય અને વાતાવરણ જેવા ઘટકો પ્રમાણે 'હા' કે 'ના'જવાબવાળી પ્રશ્નાવલિની રચના કરાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓને 45 પ્રશ્નો અને શિક્ષકો માટેની પ્રશ્નાવલિમાં 47 પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. આ પ્રશ્નાવલિ 9 તજજ્ઞોને આપવામાં આવી હતી.

તજજ્ઞીય અભિપ્રાય બાદ વિદ્યાર્થીઓની પ્રશ્નાવલિમાં 42 પ્રશ્નો અને શિક્ષકોની પ્રશ્નાવલિમાં 40 પ્રશ્નો રચ્યા હતા. વિદ્યાર્થીઓની પ્રશ્નાવલિની 10 વિદ્યાર્થીઓ પર પૂર્વ અજમાયશ કરવામાં આવી હતી. ત્યારબાદ 40 વિદ્યાર્થીઓ પર પ્રશ્નાવલિની પ્રાથમિક અજમાયશ કરવામાં આવી હતી. ડેટા એન્ટ્રીમાઇક્રોસોફ્ટએક્સલમાં કરી મળેલ પ્રાપ્તાંકોની't'મૂલ્ય અને સહસંબંધ(r)શોધવામાં આવ્યો હતો. શિક્ષકોની પ્રશ્નાવલિમાં 30 પ્રશ્નો રાખવામાં આવ્યા હતા. આ રીતે પ્રશ્નાવલિને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે વ્યાપક ક્ષેત્રમાંથી માહિતી એકત્ર કરવાની હોવાથી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**માહિતી પૃથક્કરણની રીત**

માહિતી પૃથક્કરણ માટે સંશોધકે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના પ્રતિચારોનુંગુણાંકન કરી ટકાવારી કાઢવામાં આવી હતી. ટકાવારીની ગણતરી બાદ સરાસરી, પ્રમાણભૂલ, પ્રમાણ વિચલન't' મૂલ્ય અને સાર્થકતાની કક્ષા નક્કી કરી ઉત્કલ્પનાઓની ચકાસણી કરવામાં આવી હતી.

**ઉત્કલ્પનાઓની ચકાસણી**

| ક્રમ | ઉત્કલ્પના | 't' ગુણોત્તર | સાર્થકતાની કક્ષા | Ho નો સ્વીકાર/ અસ્વીકાર |
|---|---|---|---|---|
| 1. | છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સમસ્યાઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય | 2.44 | 0.05 | અસ્વીકાર |
| 2. | ધોરણ-11 અને ધોરણ-12ના છોકરાઓની શૈક્ષણિક સમસ્યાઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | 1.56 | 0.05 | સ્વીકાર |

| | | | | |
|---|---|---|---|---|
| 3. | ધોરણ-11 અને ધોરણ-12ની છોકરીઓની શૈક્ષણિક સમસ્યાઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | 6.41 | 0.05 | અસ્વીકાર |
| 4. | શિક્ષકો અને શિક્ષિકાઓની શૈક્ષણિક સમસ્યાઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | 1.72 | N.S. | સ્વીકાર |

**સંશોધનના તારણો**

1. શૈક્ષણિક સમસ્યાઓની બાબતમાં છોકરીઓ કરતા છોકરાઓમાં શૈક્ષણિક સમસ્યાઓ વધુ છે એટલે કે જાતિએ અસર કરનાર પરિબળ છે.
2. શૈક્ષણિકસમસ્યાઓની બાબતમાં ધોરણ-11 અને ધોરણ-12ના છોકરાઓની શૈક્ષણિક સમસ્યાઓ સમાન છે એટલે કે ધોરણ એ અસર કરનાર પરિબળ છે.
3. શૈક્ષણિકસમસ્યાઓની બાબતમાં ધોરણ-12 છોકરીઓ કરતા ધોરણ-11માંની છોકરીઓની શૈક્ષણિક સમસ્યાઓ વધુ છે એટલે કે ધોરણ એ અસર કરનાર પરિબળ છે.
4. શૈક્ષણિકસમસ્યાઓની બાબતમાં શિક્ષકો અને શિક્ષિકાઓની શૈક્ષણિક સમસ્યાઓ સમાન છે એટલે કે જાતિ એ અસર કરનાર પરિબળ છે.

**શૈક્ષણિક સૂચિતાર્થ**

પ્રત્યેક સંશોધન એ હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવતું હોય છે આથી સંશોનના અંતે જે તારણો પ્રાપ્ત થાય છે તેના આધારે સંશોધકને શૈક્ષણિક સૂચિતાર્થ મળી રહી છે.

- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ શિક્ષકોએ જાણી તેને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.
- વિદ્યાર્થીઓની રસ રૂચી પ્રમાણે શિક્ષણ કાર્ય કરવું જોઈએ.
- વિદ્યાર્થીઓ પાસેથી દરેક શાળાએ Feed Back લેવા જોઈએ જેમાં શૈક્ષણિક સમસ્યા વિશે પ્રશ્નો પૂછવા જોઈએ.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યા અંગે વાલીઓ સાથે મિટીંગ કરવી જોઈએ.
- શાળામાં ટાઇમ-ટેબલનું સુચારું આયોજન કરવું જોઈએ.
- વિદ્યાર્થીઓ સાથે ગોષ્ટી યોજી તેમની સમસ્યાઓ જાણવી જોઈએ.

**સમાપન**

સાંપ્રત સમયમાં માતા-પિતા બંને વ્યવસાય સાથે સંકળાયેલ હોઈ ઘણા વર્ષોથી ડે સ્કૂલો આપણાં ત્યાં ચાલી રહી છે. જેના દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ થાય છે. તેમ માતા-પિતા માનતા હોઈ તેમાં પોતાના સંતાનોને યેન-કેન પ્રકારે ભણાવવાનો પ્રયત્ન કરે છે.

આથી જ તે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સમસ્યાઓ અંગે જાગૃતતા આવે તે માટે આ સંશોધન હાથ ધરેલું હતું.

## સંદર્ભસૂચિ

ઉચાટ, ડી.એ. (2009). શિક્ષણ સામાજિક વિજ્ઞાનમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, રાજકોટ : સાહિત્ય મુદ્રણાલય.

શાહ, ડી.બી. (2004). શૈક્ષણિક સંશોધન. (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ :યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

દેસાઈ, એચ.જી. અને દેસાઈ કે.જી. (1993). સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ. (છઠ્ઠી આવૃત્તિ) અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

પારેખ, ભ.ઉ. અને ત્રિવેદી, મ.દ. (1994). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

Choksi, (2015). Influence of emotional intelligence on the academic performance of the students of standard 8th& 9th of Surat city with their parental support, Veer Narmad South Gujarat University, Surat.

પલાશ. (203) દાહોદ જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિનાવિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ, મહાશોધ નિબંધ

મેણાત. (2009) મેઘરજતાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-8માં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ, મહાશોધ નિબંધ.

બારોટ. (2009) માધ્યમિક શાળાના પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ, અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી, લઘુશોધ નિબંધ.

**શિક્ષણ દર્શન** માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-

**શ્રી અરવિંદભાઈ એલ મહેતા**

૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પલેક્ષ પાસે,

સુભાનપુરા, **વડોદરા- ૩૯૦૦૨૩**

**૧** વર્ષનું લવાજમ –**૧૨૦ રૂ.**

**૩** વર્ષનું લવાજમ –**૩૩૦ રૂ.**

**૫** વર્ષનું લવાજમ –**૫૫૦ રૂ.**